# મોબાઈલ ફોન અને વાંકી ડોક

બેક વર્ષ પહેલા મારા મિત્રના દીકરાને બાર સાયન્સમાં ખૂબ સારા પર્સન્ટેજ આવ્યા તેથી તેને મેડિકલની સૌથી બેસ્ટ બ્રાન્ચમાં એડમિશન મળી શકે તેમ હતું. પણ મિત્રે દીકરાને E.N.T.માં જ મુક્યો. મેં કહ્યું, “આવું કેમ કર્યું?” તો મિત્રે કહ્યું કે અત્યારે એક બાજુના ખભે મોબાઈલ ફોન દબાવીને, ડોક વાંકી રાખીને વાતો કરવાને કારણે માત્ર દશ વર્ષ પછી ડોકના દુખાવાના પેશન્ટસ એટલા બધા હશે કે E.N.T. નવરા જ નહીં થાય. ખોબે ને ધોબે કમાણી થશે. પછી તો ડોક્ટર પેશન્ટને પોતાના જ મેડિકલ સ્ટોરમાંથી મળે એવા બ્લુટુથવાળા ઈયરફોન પણ લખી આપશે.

હું ગંભીરતાથી વિચારવા લાગ્યો કે હું જમાનાથી કેટલો બધો પાછળ છું. આજની તારીખે ય હું ડોક અને ખભા વચ્ચે મોબાઈલ ફોન દબાવીને વાત કરી શક્તો નથી. જ્યારે કેટલાક લોકો તો એકદમ ઊબડખાબડ રસ્તા પર ફૂલ થઈને, ફૂલ સ્પીડમાં બાઈક/સ્કૂટર ચલાવતા હોય અને કાન નીચે ખભાથી ફોન દબાવ્યો હોય અને એક હાથે બાઈક ભગાવ્યે જતા હોય. ત્યારે હું તેમના તરફ અહોભાવથી જોઈ રહું છું. મને થાય કે આપણે તો આ દુનિયામાં ફોગટ ફેરો છે.

આવું ન આવડતું હોય તો તે શીખવાના અખતરા આપણે ઘેર એકલા હોય ત્યારે જ કરાય. શ્રીમતીજીની હાજરીમાં અખતરા કરીએ અને તેમાં સરેઆમ નિષ્ફળ જઈએ તો, ‘તમને ક્યાં કાંઈ આવડે છે!’ એવા વેધક વિધાન સાંભળવા પડે. અમે ઘેર એકાંતમાં આવા પ્રયોગો આદર્યા. તેના માટે એક મિત્રને ફોન લગાવ્યો જેથી એકદમ પરફેક્ટ પ્રેક્ટિસ થાય. પછી ફોનમાં વાત શરૂ કરી, ફોન કાન સાથે દબાવવા ગયો તો જેમ સરકારમાં બે ખાતાઓ વચ્ચે કેટલીકવાર સુમેળ હોતો નથી. એમ મારા કાન અને ખભા વચ્ચે સુમેળ નથી, તેની મને ખાતરી થઈ. બેઉ એકબીજાને સહકાર આપવા તૈયાર ન થયા. કારણ કે મિત્રને ફોન લગાવી પછી મેં ડોક નમાવી કાન પાસે ફોન મુક્યો અને ખભો ઊંચો કર્યો.

2. ખભો બિચારો આજ્ઞાંકિત વિદ્યાર્થીની જેમ તરત જ ઉંચો થયો અને સમયસર મારા કાન સુધી પહોંચી ગયો. છતાંય ફોન નીચે પડ્યો. પછી મને સમજાયું કે મેં ફોન ડાબા કાને રાખ્યો હતો અને ખભો જમણો ઊંચો થયો હતો. મહાવરાના અભાવે આવું બને! એટલે પછી નક્કી કર્યું કે જેમ કૂવા કાંઠે મૂકેલ ઓઈલ એન્જિનના બન્ને વાલ્વના સળિયા વારાફરતી ઊંચાનીચા થતા હોય એ રીતે સૌ પ્રથમ ફક્ત વારાફરતી ખભા ઊંચાનીચા કરવાની પ્રેક્ટિસ કરવી. એ પાક્કું થઈ જાય એટલે પછી એમાં કાનને જોડવા. પછી ગ્રીપ આવી જાય એટલે ફોન સાથે પ્રેક્ટિસ કરવી. ફોન વિના ખભા ઊંચાનીચા કરવામાં ઘણીવાર અગાઉ થયું હતું તેમ જ થયું. ડોક ડાબી બાજુ નમાવું અને ખભો જમણો ઊંચો થાય! અને ડોક જમણી બાજુ નમાવું તો ડાબો ખભો ઊંચો થાય. મને થયું કે આપણી ડોક કદાચ અયોગ્ય દિશામાં જઈ રહી છે. જેમ ચૂંટણી ટાણે જેને ટિકિટ મળવાની કોઈ શક્યતા ન હોય તેવા ઉમેદવારો પણ ઊંચાનીચા થતા હોય છે. એ જ રીતે જે ખભાને ઘટના સાથે કશી જ લેવાદેવા ન હોય તે પણ ઊંચોનીચો થતો હોય છે એટલે પહેલા ફોન વિના નેટ પ્રેક્ટિસ કરવાનું વિચાર્યું. આ રીતે લગભગ એકાદ અઠવાડિયા સુધી પ્રેક્ટિસ કર્યા પછી (ખભામાં થોડો દુ:ખાવો ય થયો.), આટલા પુરુષાર્થ પછી ફક્ત પ્રથમ પગથિયે પહોંચી શકાયું એટલે કે જે બાજુ ડોક નમાવીએ એ બાજુનો જ ખભો ઊંચો થવા લાગ્યો. (બીજા એ ફોર્મ પાછું ખેંચી લીધું.) પણ બહુ સજાગ રહેવું પડે, આપણે એકદમ જાગૃત રહીને અર્ધજાગૃત મનને સંદેશા આપ્યા કરવા પડે તો જ ધાર્યો ખભો ઊંચો થાય પણ હજુ કપરા ચઢાણ તો બાકી હતા.

આ વિદ્યામાં કેટલાક યુવક/યુવતીઓ તો એટલા બધા કુશળ હોય છે કે દૂર ઊભા રહીને તેમના ખભા પાસે ફોનનો છૂટો ઘા કરો તો પણ તે સીધો ડોક નીચે દબાવી દે. કેટલીક ઓફિસોમાં તો મોબાઈલ કુશળ



નબોલવામાં નવ ગુણ

★ નટવર પંડયા

મહામાનવો એક સાથે ત્રણ-ચાર કાર્ય (બિનઉપયોગી) કરતા હોય છે. આવા કર્મયોગીએ ફોનને કાને દબાવ્યો હોય છે. તેનાથી તે સામેવાળા સાથે વાત કરતા જાય, સાથોસાથ ટેબલ પર રાખેલા કાગળમાં કશુંક ટપકાવતા જાય અને ડાબા હાથે ચાનો કપ પકડીને ચાની ચૂસ્કી પણ લેતા જાય અને ચા પતે એટલે પછી એક જ હાથે સિગારેટ પ્રગટાવીને મુખમાંથી ધુમાડા કાઢતા જાય. વિચારો કે જે દેશમાં એક સાથે ત્રણ ચાર કાર્યો કરી શકે એવા કાર્યકુશળ, કર્તવ્યનિષ્ઠ અને બહુમુખી પ્રતિભા ધરાવતા કર્મચારીઓ હોય તે દેશને મહાસત્તા બનતા કેટલી વાર!

આમ જુઓ તો માણસના માથાની બંને બાજુ એક એક કાન છે અને કાન દીઠ એક એક ખભો પણ ફાળવવામાં આવ્યો છે. યુગોથી આ કાન અને ખભો બંને એકબીજાના ‘સ્નાયુપાડોશી’ (જેમ ખેતરે ‘શેઢાપાડોશી’ હોય એમ.) હોવા છતાં શેઢાપાડોશીની જેમ જ એ બેઉ વચ્ચે પણ ખાસ કોઈ સંબંધો નથી. નહીં તો આટલા નજીક હોય તો બેઉ એકબીજાને ખરે ટાણે ખપમાં આવી શકે. પણ સમજણનો અભાવ! એટલે સહકારની ભાવના આજ સુધી વિકસી નહીં. મજાની વાત તો એ છે કે જે કામ સમજણથી ન થઈ શક્યું તે સ્માર્ટફોને કરી આપ્યું. સ્માર્ટફોનને કારણે

3. કાન અને ખભા વચ્ચે સુંવાળા સંબંધો સ્થપાયા. બાકી ભૂતકાળમાં ક્યારેય કાન અને ખભો આટલા નજીક નહોતાં. અત્યાર સુધી લોકો એવું માનતા હતા કે ખભો તો વજન ઊચકવા કે ‘કોઈને ખભો આપવા’ માટે જ ઉપયોગી છે, પણ આવા આધુનિક યંત્રને ટેકો આપવામાં પણ ખભો અત્યંત ઉપયોગી બનશે એવું તો દેવાયત પંડિતની આગમ વાણીમાં ય જોવા મળતું નથી. પ્રિયતમાં સાથે હોય અથવા તાજા તાજા લગ્ન થયા હોય અને અર્ધાંગિની સાથે હોય અને હૈયામાં પ્રેમનું સરોવર ભયજનક સપાટી વટાવીને હિંલોળા લેતું હોય. પણ, આવું થઈ શકતું નથી. જો આવું થઈ શકતું હોત તો શરૂઆતમાં સંયુક્ત ધોરણે વાત કરવાનું બહુ રોમેન્ટિક લાગત પણ પાંચ સાત વર્ષ પછી પત્ની કહેત કે ક્યારના ફોનમાં ચોટ્યા છો તે મુકો ને! મારો ખભો રહી ગયો. ખભે ખાલી ચડી ગઈ. હા, બંને કાનમાં એક એક ઈયરફોન લગાવીને બંને સંયુક્ત શ્રવણ કરતા જોવા મળે છે ખરા.

**આવા સમયે મોબાઇલફોનમાં વાત કરતી વખતે મોબાઈલ ફોનને કાન નીચે દબાવવા માટે આપણે આપણો કાન અને પ્રિયતમાનો ખભો વાપરી શકીએ તો એક દિવ્ય આનંદ પ્રગટે**

આ રીતે મોબાઈલ ફોન કાન નીચે ફોન દબાવીને વાત કરનાર વ્યક્તિ ગાડી ચલાવતા ચલાવતા કે ઓફિસનું કામ કરતા કરતા પોતાની આંખો સામેની દુનિયા જોઈ રહી હોય છે. ત્યારે તેની આંખોમાં ‘મોબાઈલ સત્ય, જગત મિથ્યા’ એવો ભાવ વાંચવા મળે છે. કારણ કે તેની વાત ચાલતી હોય ત્યારે તેને બે દુનિયા દેખાતી હોય છે એક તો આંખ સામેની દુનિયા ‘જે મિથ્યા છે’ અને બીજી જેની વાત કરે છે તેની સાથેની દુનિયા ‘જે તેનું સત્ય છે.’

પેલી ધૂન છે ને રઘુપતિ રાઘવ રાજા રામ તેમાં પંક્તિ છે કે ‘હાથો સે કર અપના કામ, મુખ સે બોલો સીતારામ’ એટલે મોબાઈલફોન આવતા એવું થયું તો ખરું! પણ જરા જુદી રીતે! માણસ હવે હાથથી પોતાનું કામ કરે છે અને મુખથી મોબાઈલ ફોનમાં વાતો કરે છે.

મોબાઈલ ફોનને કારણે કાન અને ખભા વચ્ચે આટલા વર્ષે માંડ માંડ સારા સંબંધો સ્થપાયા. ત્યાં હેલમેટે હવનમાં હાડકા નાખ્યા. આ બંને વચ્ચે હેલ્મેટ દિવાલ બનીને ઊભી રહી ગઈ. જોકે હવે તો બ્લુટુથવાળા ઈયરફોનને કારણે આ સમસ્યા ઘણી હળવી થઈ છે. પણ સંપૂર્ણપણે નાબૂદ તો નથી જ થઈ એટલે કોઈ પણ ભોગે તેને નાબૂદ કરવી જ રહી. કારણ કે મોબાઈલ ફોન તો ઘણા મળી રહેશે પણ બોચી બીજી નહીં મળે. પેલી કહેવત છે ને ‘સર સલામત તો પઘડિયા બહોત’ એ જ રીતે નવી કહેવત આ પ્રમાણે કહી શકાય કે ‘બોચી સલામત તો મોબાઈલફોન બહોત’ કેટલાક યુવાનો તો હેલ્મેટમાં ફોનને ઘુસાડી દે છે. એટલે પછી ખભાની કોઈ જરૂર પડતી નથી. પણ રસ્તામાં જ્યારે મોટા ખાડા, રોડા આવે ત્યારે હેલમેટમાં ઘુસાડેલો મોબાઈલ છટકીને નીચે પડે છે અને ઘાયલ થાય છે. આમ હેલમેટ ખભા જેટલી વફાદાર હોતી નથી.

કેટલાકને કાન સાથે ફોન દબાવીને વાત કરવાની આદત એટલી બધી તેના અંગે અંગમાં વ્યાપી ગઈ હોય છે કે બીજાના ફોનની રીંગ વાગે અને આનો ખભો ઉંચો થઈ જાય! અરે, મિત્રભાવે કોઈ તેના ખભે હાથ મૂકે કે તરત જ તે ખભો ઊંચો કરીને હાથને તેના કાન સાથે દબાવી દે છે. જો આ જ રીતે ચાલ્યું તો કેટલાક વર્ષો પછી જે પેઢી જન્મશે તેમાં પચાસ ટકા તો જન્મજાત વાંકી ડોકવાળા જ હશે અને તે ડોકને સીધી કરવા માટે ફિઝિયોથેરાપીમાં ‘ફોન ફિઝિયોથેરાપી’ ની સ્પેશિયલ નવી સિસ્ટમ લોન્ચ થશે.

કુદરતની સિસ્ટમ કેટલી પરફેક્ટ છે તે વિચારો. આજથી ચાળીસ પચાસ વર્ષ પહેલા ગામડામાં નળ હતા જ નહીં. એટલે બધી જ બહેનો કૂવે પાણી ભરવા જતી અને માથા પર હેલ મૂકી એક ગાગરને હાથથી કમર પર ગોઠવી પાણી ભરી લાવતી. ધારો કે ત્યારે મોબાઈલ ફોન હોત તો બહેનોની માથે રહેલી પાણીની હેલ સાજી સારી ઘેર પહોંચી હોત ખરી! એટલે જ ભારત દેશમાં મોબાઈલ ફોન મોડા આવ્યા. બાકી આજની યુવતીને જો સાસુ કૂવે પાણીની હેલ ભરવા જવાનું કહે તો તે બેધડક કહી દેશે Go to hell!

## ગરમાગરમ

મનસુખના ફળિયામાં મોટો કૂતરો બાંધેલો હતો અને તેને ત્યાં મહેમાન આવ્યા તો મનસુખે કહ્યું, “અરે આવતા રહો, આવતા રહો, એ કરડશે નહીં, એ તો બસ એમ જ તમારી સામે ધુરકે છે. મહેમાન કહે,“ અઠવાડિયા પહેલા હું કરશન ને ત્યાં ગયો, તો તેના ફળિયામાં આવો જ કૂતરો હતો. તેણે પણ એમ જ કહ્યું અને હું ફળિયામાં ગયો તો કૂતરાએ મારી પીંડી તોડી નાખી. મનસુખ કહે, “આ કરશનનો જ કૂતરો છે અને કરશને કહ્યું છે કે આ કૂતરો એકના એક માણસને બીજી વાર કરડતો નથી.”